**ગુજરાત જાહેર સેવા આયોગ**

**અગત્યની જાહેરાત**
**(પ્રાથમિક કસોટીની તારીખમા આંશિક ફેરફાર બાબત)**

**પૂર્વ ભુમિકા:**

ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તે માટે ભરતી પ્રક્રિયામાં વિવિધ ફેરફારો કરવા ગુજરાત જાહેર સેવા આયોગ પ્રયત્નશીલ છે.

માહે ડીસેમ્બર–જાન્યુઆરી ૨૦૨૪–૨૫ માં લેવાનાર કુલ ૧૧ ભરતી પૈકી ૮ ભરતીમાં સામાન્ય અભ્યાસનો અભ્યાસક્રમ એકસરખો છે, જયારે બાકીની ૦૩ ભરતીનો સામાન્ય અભ્યાસનો અભ્યાસક્રમ એકસરખો છે. લેખિત પરીક્ષામાં ભાગ–૧માં ૧૦૦ ગુણનું સામાન્ય અભ્યાસ તથા ભાગ–૨ માં ૨૦૦ ગુણનું જે તે વિષયનું પ્રશ્નપત્ર, આમ ભાગ–૧ તથા ભાગ–૨ મળી કુલ ૩૦૦ ગુણનું પ્રશ્નપત્રની સંયુક્ત પરીક્ષા લેવાની પ્રથા હાલ અમલમાં છે.

જો અગાઉની ભરતી પધ્ધતિ મુજબ ભાગ–૧ અને ભાગ–૨ નું એક જ પ્રશ્નપત્ર તૈયાર કરી પરીક્ષા લેવામાં આવે તો ભાગ–૧ના કુલ ૧૧ પ્રશ્નપત્રો તૈયાર કરવા, તેની આન્સર કી તૈયાર કરી ,મૂલ્યાંકન કરવાનું થાય, જેમાં ઘણો સમય જાય, તેથી ભરતી પ્રકિયામાં વિલંબ થવાની સંભાવના રહે છે. તે નિવારવા સારુ આયોગ દ્વારા ભાગ–૧ અને ભાગ–૨ બન્ને પ્રશ્નપત્રો અલગ કરવાનો નિર્ણય કરેલ છે, જેથી ભાગ–૧નું આઠ પરીક્ષાઓનું એક જ પ્રશ્નપત્ર તૈયાર કરી તેના મૂલ્યાંકનની કાર્યવાહી કરવાની થાય તથા બાકી રહેતી ત્રણ ભરતીમાં ભાગ–૧નું અલગ પ્રશ્નપત્ર તૈયાર કરી તેનું અલગથી મૂલ્યાંકન કરવાનું થાય. આમ ભરતી પ્રક્રિયામાં વપરાતો સમય ઘટાડી શકાય અને ઝડપથી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી શકાય.

જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ ભરતી પ્રક્રિયા માટે અરજી કરેલી હોય તો તેઓ દરેક ભરતીમાં ભાગ લઇ શકે અને તેઓ ભરતીની એકપણ તકથી વંચિત ન રહે તે હેતુથી ભાગ–૨નું પ્રશ્નપત્ર જે તે દિવસે જ રાખવામાં આવેલ છે. જયારે ભાગ–૧નું પ્રશ્નપત્ર જુદી તારીખે રાખવામાં આવેલ છે. એક થી વધુ ભરતીમાં ભાગ લેનાર ઉમેદવારના ભાગ–૧ સામાન્ય અભ્યાસમા તેઓએ મેળવેલ ગુણ અન્ય લાગુ પડતી ભરતીમાં ઘ્યાને લેવામાં આવશે. આ અંગેની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

**પ્રાથમિક કસોટીની તારીખમા આંશિક ફેરફાર બાબત વિગતવાર સૂચનાઓ**

તા. ૨૫–૯–૨૦૨૪ ના રોજ આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ કુલ –૧૮ જાહેરાતોની પ્રાથમિક કસોટીની તારીખ સંદર્ભે ઉમેદવારોએ નીચે મુજબની અગત્યની સૂચનાઓ ઘ્યાને લેવા વિનંતી.

1. તે પૈકી આ સાથે દર્શાવેલ કુલ ૦૮ જાહેરાતો (૧૮/૨૦૨૪–૨૫, ૧૯/૨૦૨૪–૨૫, ૨૦/૨૦૨૪–૨૫, ૨૨/૨૦૨૪–૨૫, ૨૩/૨૦૨૪–૨૫, ૩૦/૨૦૨૪–૨૫, ૩૧/૨૦૨૪–૨૫, ૩૨/૨૦૨૪–૨૫, જા. ક્ર.) માટે(વર્ગ ૧–૨)

- પ્રાથમિક કસોટીની જે  સૂચિત તારીખ દર્શાવેલ છે, સંબંધિત વિષયના એટલે કે પેપર–૧(ભાગ–૨(૨૦૦ માર્ક્સ))ની પરીક્ષા  તે તારીખોએ જ **સવારે ૧૧.૦૦ થી ૧.૦૦** કલાક દરમિયાન  લેવામા આવશે.
- જ્યારે દર્શાવેલ કુલ ૦૮ જાહેરાત માટે પેપર–૧(ભાગ–૧(૧૦૦ માર્ક્સ)) સામાન્ય અભ્યાસની પરીક્ષા જાહેર કરાયેલ **તારીખના બદલે તા. ૧૨/૦૧/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ દરમિયાન OMR પધ્ધતિથી લેવામા આવશે, જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવી**

2. કુલ ૧૮ જાહેરાતો પૈકી આ સાથે દર્શાવેલ કુલ ૦૩ જાહેરાતો (જા. ક્ર. ૨૯/૨૦૨૪–૨૫, ૩૪/૨૦૨૪–૨૫, ૩૫/૨૦૨૪–૨૫) માટે–(વર્ગ ૩)
    - પ્રાથમિક કસોટીની જે  સૂચિત તારીખ દર્શાવેલ છે, સંબંધિત વિષયના એટલે કે પેપર–૧(ભાગ–૨(૨૦૦ માર્ક્સ))ની પરીક્ષા  તે તારીખોએ જ **સવારે ૧૧.૦૦ થી ૧.૦૦** કલાક દરમિયાન  લેવામા આવશે.
    - જ્યારે દર્શાવેલ કુલ ૦૩ જાહેરાત માટે પેપર–૧(ભાગ–૧(૧૦૦ માર્ક્સ)) સામાન્ય અભ્યાસની પરીક્ષા જાહેર કરાયેલ **તારીખના બદલે તા. ૧૯/૦૧/૨૦૨૫ ના રોજ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ કલાક દરમિયાન OMR પધ્ધતિથી લેવામા આવશે.**

- **આમ ઉપર દર્શાવેલ તમામ જાહેરાતો માટે સામાન્ય અભ્યાસ તથા સંબંધિત વિષયની પરીક્ષા  હવે અલગ અલગ તારીખોએ યોજાશે, જેની સબંધિત ઉમેદવારોએ  નોંધ લેવી.**
- ઉપર્યુક્ત પ્રાથમિક કસોટીના ભાગ–૧ તથા ભાગ–૨ માટે ઉમેદવારોએ એક જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો રહેશે. આમ અલગ અલગ યોજાતી પરીક્ષાઓ માટે ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રની નકલ ઉમેદવારોએ સાચવીને રાખવાની રહેશે.
- પ્રાથમિક કસોટી સંદર્ભે વિગતવાર જાહેરાતમાં અપાયેલ લાયકી ગુણ તથા અન્ય બાબતો યથાવત રહેશે. સંબંધિત વિષય (ભાગ–૨)નું પેપર CBRT પધ્ધતિથી હોય તો પણ સામાન્ય અભ્યાસ(ભાગ–૧)નું પેપર OMR પધ્ધતિથી જ લેવામા આવશે.
- જો કોઈ ઉમેદવારે ઉપર દર્શાવેલ પરીક્ષાઓ/જાહેરાતો  પૈકી એક થી વધુ  પરીક્ષાઓ/જાહેરાતો માટે (વર્ગ ૧ /૨) માટે ઉમેદવારી નોંધાવી હશે તો તેઓએ સામાન્ય અભ્યાસનું  એક જ પ્રશ્ન પત્ર આપવાનું રહેશે,જેમા મેળવેલ ગુણ અન્ય પરીક્ષા/જાહેરાત  માટે પણ ગણાશે.પરંતુ જો ઉમેદવારે વર્ગ ૩ માટે પણ  ઉમેદવારી નોંધાવી હશે તો વર્ગ વર્ગ–૩ નું સામાન્ય અભ્યાસનું પ્રશ્ન પત્ર દર્શાવેલ તારીખે પુન:  અલગથી  આપવાનું રહેશે.આ ગુણ વ્યવસ્થા માત્ર સામાન્ય અભ્યાસ પૂરતી જ ગણાશે.

આમ, ઉપર્યુક્ત વિગતોને આધિન પ્રાથમિક કસોટીનો **સુધારેલ કાર્યક્રમ** નીચે મુજબ છે. જેની સબંધિત ઉમેદવારોએ  નોંધ લેવી.

| ક્રમ | જગ્યાનું નામ અને વર્ગ | જા. ક્ર. | પ્રાથમિક કસોટીની તારીખ(સંબંધિત વિષય) (૨૦૦ ગુણ)સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ | પ્રાથમિક કસોટીની તારીખ(સામાન્ય અભ્યાસ)(૧૦૦ ગુણ) |
|---|---|---|---|---|
| ૧ | નાયબ બાગાયત નિયામક, વર્ગ–૧ | ૧૮/૨૦૨૪–૨૫ | ૧૭/૧૨/૨૦૨૪ | |
| ૨ | સાયન્ટિફિક ઑફિસર (ફોરેન્સિક સાયકોલોજી), વર્ગ–૨ | ૧૯/૨૦૨૪–૨૫ | ૧૯/૧૨/૨૦૨૪ | |
| ૩ | ટેકનિકલ એડવાઈઝર, વર્ગ–૧ | ૨૦/૨૦૨૪–૨૫ | ૧૭/૧૨/૨૦૨૪ | તા. ૧૨/૦૧/૨૦૨૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | લેક્ચરર (સિલેક્શન સ્કેલ), ગુજરાત પરિચારિકા(નર્સિંગ) સેવા, વર્ગ–૧ | ૨૨/૨૦૨૪–૨૫ | ૧૭/૧૨/૨૦૨૪ | સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાક |
| ૫ | લેક્ચરર (સિનિયર સ્કેલ), ગુજરાત પરિચારિકા (નર્સિંગ) સેવા, વર્ગ–૧ | ૨૩/૨૦૨૪–૨૫ | ૧૯/૧૨/૨૦૨૪ | |
| ૬ | મદદનીશ ઇજનેર(સીવીલ), વર્ગ–૨ GMC | ૩૦/૨૦૨૪–૨૫ | ૦૫/૦૧/૨૦૨૫ | |
| ૭ | મદદનીશ ઇજનેર(વિદ્યુત), વર્ગ–૨ GMC | ૩૧/૨૦૨૪–૨૫ | ૨૯/૧૨/૨૦૨૪ | |
| ૮ | જુનિયર ટાઉન પ્લાનર, વર્ગ–૨ GMC | ૩૨/૨૦૨૪–૨૫ | ૨૯/૧૨/૨૦૨૪ | |
| ૯ | આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ–૩ GSCSCL | ૨૯/૨૦૨૪–૨૫ | ૧૯/૦૧/૨૦૨૫ | તા. ૧૯/૦૧/૨૦૨૫ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ કલાક |
| ૧૦ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ–૩ GMC | ૩૪/૨૦૨૪–૨૫ | ૦૫/૦૧/૨૦૨૫ | |
| ૧૧ | સ્ટેશન ઓફીસર, વર્ગ–૩ GMC | ૩૫/૨૦૨૪–૨૫ | ૦૫/૦૧/૨૦૨૫ | |

- તા. ૨૫–૯–૨૦૨૪ ના રોજ આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ આ સિવાયની જાહેરાત કુલ–૦૭ (જા.ક્ર. (૨૧/૨૦૨૪–૨૫, ૨૪/૨૦૨૪–૨૫, ૨૫/૨૦૨૪–૨૫, ૨૬/૨૦૨૪–૨૫, ૨૭/૨૦૨૪–૨૫, ૨૮/૨૦૨૪–૨૫, ૩૩/૨૦૨૪–૨૫)ની પ્રાથમિક પરીક્ષાનો **કાર્યક્રમ યથાવત રાખવામા આવે** છે ,જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

તા.૨૫.૧૧.૨૪

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ